**આદિવાસી બાળકો માટે પૂરક પોષણ યોજના (દૂધ સંજીવની યોજના) હેઠળ નવસારી જિલ્લાના ખેરગામ તાલુકાની પ્રાથમિક શાળાઓમાં અભ્યાસ કરતા બાળકોને યોજનાનો લાભ આપવા બાબત.**

ગુજરાત સરકાર
આદિજાતિ વિકાસ વિભાગ
ઠરાવ ક્રમાંક: પરચ/૧૦૨૦૧૯/ન.બા-૧૭ /ધ
સચિવાલય, ગાંધીનગર.
તા. ૩૦/૦૯/૨૦૧૯

<u>વંચાણે લીધા</u>:-

(૧) કમિશનરશ્રી, આદિજાતિ વિકાસની કચેરીનો તા.૧૬/૦૫/૨૦૧૯નો પત્ર ક્રમાંક: અવક/ખતવ/ફા.નં.૭૦/૨૦૧૯/૯૧ થી ૯૨

(૨) કમિશનરશ્રી, આદિજાતિ વિકાસની કચેરીનો તા.૨૬/૦૮/૨૦૧૯નો પત્ર ક્રમાંક: અવક/ખતવ/ફા.નં.૮૦/૨૦૧૯/૧૬૯

<u>પ્રસ્તાવના</u>:-

પ્રાથમિક શાળાઓમાં ભણતા ગરીબ અને પછાત આદિજાતિના બાળકોમાં વિટામિન, પ્રોટીન, કેલ્શીયમ અને ખનીજ તત્વોની ઉણપ જણાય છે. આદિજાતિ વિસ્તારોના ગરીબ, પછાત અને આદિજાતિના વાલીઓની નબળી આર્થિક પરિસ્થિતિના કારણે પોતાના બાળકોને પોષણક્ષમ આહાર આપી શકતા નથી. કુપોષણના કારણે પ્રાથમિક શાળાઓમાં ભણતા બાળકોના શારીરિક અને માનસિક વિકાસ ઉપર તેની અસર જોવા મળતી હતી. આવા બાળકોને નાનીવયે પોષણક્ષમ આહાર ઉપરાંત દૂધ આપવામાં આવે તો આવા તત્વોની ખામી દૂર કરી શકાય અને બાળકોના શારીરિક વિકાસ સાથે માનસિક વિકાસ થાય અને તેઓના આરોગ્યમાં સુધારા થાય તે માટે મીડ ડે મિલ્ક યોજના "દૂધ સંજીવની યોજના" અમલમાં મુકવામાં આવેલ છે.

આદિવાસી બાળકો માટે પૂરક પોષણ યોજના (દૂધ સંજીવની યોજના) હેઠળ નવસારી જિલ્લાના ખેરગામ તાલુકાની પ્રાથમિક શાળાઓમાં અભ્યાસ કરતા બાળકોને આ યોજનાનો લાભ આપવા અંગેની માંગણી ક્રમાંક-૯૬ હેઠળની અંદાજીત રૂ.૩૦૦ લાખની વર્ષ ૨૦૧૯-૨૦ માટેની નવી બાબતની દરખાસ્ત કમિશ્નરશ્રી (આ.વિ) દ્વારા કરવામાં આવેલ, જેની વહીવટી મંજૂરી આપવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવ:-

પુખ્ત વિચારણાને અંતે આદિવાસી બાળકો માટે પૂરક પોષણ યોજના (દૂધ સંજીવની યોજના) હેઠળ નવસારી જિલ્લાના ખેરગામ તાલુકાની પ્રાથમિક શાળાઓમાં અભ્યાસ કરતા બાળકોને આ યોજનાનો લાભ આપવા અંગેની કુલ અંદાજિત ખર્ચ રૂ.૩૦૦.૦૦ લાખ (અંકે રૂપિયા ત્રણસો લાખ પૂરા)ની નવી બાબતની જોગવાઇને નીચેની શરતોને આધિન આથી વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

શરતો:-

(૧) આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ નાણાંકીય વર્ષ ૨૦૧૯-૨૦ની અંદાજપત્રીય જોગવાઇને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૨) પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઇ કરાવી લેવાની રહેશે.

(૩) આ અંગેનું ખર્ચ રાજય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો / પરિપત્રો અને નિયમોની જોગવાઇઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

(૪) આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

(૫) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૬) યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૭) આ મંજૂરી અન્વયે કરવાની થતી ખરીદી અંગે રાજ્ય સરકારની પ્રવર્તમાન ખરીદ નીતિની જોગવાઇઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૮) આઇ.ટી. સંબંધિત તમામ બાબતો અંગે સાયન્સ એન્ડ ટેક્નોલોજી વિભાગની વખતો-વખતની સૂચનોઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૯) આ કામના ટેન્ડર પ્રોસેસીંગમાં સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૨૨/૧૧/૨૦૦૬ના ઠરાવ ક્રમાંકઃ એસપીઓ/૧૦૨૦૦૫/૧૪૦૭/ચ માં ઇ-ટેન્ડરીંગ અંગે આપવામાં આવેલ સૂચનાઓ અને ત્યારબાદ વખતો-વખત થયેલ સુધારાઓનું ચૂસ્તપણ પાલન કરવાનું રહેશે.

(૧૦) આ યોજના અન્વયે મંજૂર થયેલ મહેકમ વધુ સમય માટે ચાલુ રાખવા અંગે અલગથી દરખાસ્ત રજૂ કરી મંજૂરી મેળવી લેવાની રહેશે.

આ અંગેનો ખર્ચ અંદાજપત્રમાં માંગણી ક્રમાંક: ૯૬, મુખ્ય સદરઃ ૨૨૨૫ અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ, અન્ય પછાતવર્ગ અને લઘુમતિઓનું, પેટા મુખ્ય સદર: ૦૨ અનુસૂચિત આદિજાતિઓનું કલ્યાણ, ગૌણ સદરઃ ૭૯૬- આદિજાતિ વિસ્તાર પેટા યોજના, પેટા સદર-૨૧-

વીકેવાય-૩૧- આરોગ્ય વિષયક યોજનાઓ, ખેરગામ તાલુકા, જી.નવસારીના અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓને દૂધ સંજીવની યોજના હેઠળ ચાલુ નાણાકીય વર્ષની જોગવાઇમાંથી મેળવવાનો તેમજ ઉધારવાનો રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણાં વિભાગની તા.૧૧/૦૯/૨૦૧૯ની મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(જે. આર. ડોડીયા)
સંયુક્ત સચિવ
આદિજાતિ વિકાસ વિભાગ

<u>નકલ રવાના</u> :-

- માન. રાજયપાલશ્રીના અગ્રસચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માન.મુખ્ય મંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.મંત્રીશ્રી(આ.વિ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી(આ.વિ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રીના રહસ્ય સચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, (ખર્ચ)ના રહસ્ય સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાણા સલાહકારશ્રી(આ.વિ.), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- કમિશનરશ્રી,આદિજાતિ વિકાસ, બિરસામુંડા ભવન, સેકટર-૧૦/એ, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
- નિવાસી ઓડીટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- જિલ્લા તિજોરી અધિકારીશ્રી, નવસારી.
- સેકશન અધિકારીશ્રી, બજેટ શાખા, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાયબ સેકશન અધિકારી સિલેકટ ફાઇલ.
- સિસ્ટમ મેનેજરશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ, ગાંધીનગર તરફ ઠરાવને વિભાગની વેબસાઇટ ઉપર સત્વરે મુકવા સારૂ.
- સિલેકટ ફાઇલ.

D:\Ruchir Amin Work\NEW ITEM 2019-20\LETTER\PRC-102019-N.8-17-GH.docx